Letter No: WCDD/0266/10/2023 Dt: 08-11-2023

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળની સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી વર્ગ-૩ની જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2023/1074/B1 Branch

સચિવાલય,ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪).

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો પરિપત્ર ક્રમાંક :અપગ/૧૧૨૦૨૦/ ૪૭૩૬૨/છ-૧ (પાર્ટ-૬), તા.૧૭/૦૯/૨૦૨૨.

(૪) દિવ્યાંગજન સશકતિકરણ વિભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના જાહેરનામા નં.38-16/2020-DD-III, તા.૦૪.૦૧.૨૦૨૧.

(3) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૦/૦૯/૨૦૨૨નો પત્રક્રમાંક: ICDS/0441/09/2023 અને તા.૧૯/૧૦/૨૦૨૩નો પત્રક્રમાંક:ICDS/0378/10/2023

આમુખ:-

The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ-૩૪ મુજબ સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધા ક્રમ (૧) પરના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગ્યાઓમાં (૪%) ચાર ટકા અનામત રાખવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ (૨) પરના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્ર તેમજ વંચાણે લીધેલ ક્રમ (3) પરના તા.૧૭/૦૯/૨૦૨૨ના પરિપત્રથી, વંચાણે લીધેલ ક્રમ (૪) પરના ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે વિભાગના સંવર્ગો સામ્યતા ધરાવતા હોય તો તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતાને માન્ય ગણવાની રહેશે તેવું સૂચવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધા ક્રમ-(૫) પરના પત્રથી તેમના હસ્તકના વર્ગ-૩ના સંવર્ગોમાં સીધી ભરતીના કિસ્સામાં ૪% (ચાર) ટકા મુજબ દિવ્યાંગતા નક્કી કરવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, The Rights of Persons with Disabilities Act, 2016 મુજબ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળના સંવર્ગોમાં સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી વર્ગ-૩ની જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ચાર (૦૪%) ટકા અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | વિકલાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | a | b | c | (d & e) |
| ૧ | જુનિયર કારકુન | 3 | B,LV (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) | D,HH (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) | OA,BA,OL,BL,OAL, CP,LC,Dw,AAV, Mdy,SD,SI (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) | ASD(M), SLD,MI,MD involving (a) to (d) (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) |
| ૨ | સીનીયર કારકુન | 3 | B,LV (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) | D,HH (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) | OA,OL,BA,BL,OAL,CP,LC,Dw,AAV,SD,SI (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) | ASD(M),SLD,MI,MD involving (a) to (d) (40% કે તેથી વધુ અને 75% થી ઓછી) |

(Category Abbreviations used:-

(a) અંધત્વ અને ઓછી દષ્ટિ,

(b) બધિર અને ઓછું સાંભળનાર

(c) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકના ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(d) સ્વલીનતા (autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી,

(e) બહેરાશે-અંધત્વ સહિતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યકિત.

B-blind, LV-Low Vision, D-Deaf, HH-Hard of hearing, OA-One Arm, OL-One leg, BA-Both Arms, BL-Both Leg, OAL-One Arm and One Leg, BLOA-Both Leg and One Arm, BLA-Both Leg Arms, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV-Acid Attack Victims, MDy-Muscular Dystrophy, SD-Spinal Deformity, SI-Spinal Injury, ASD- Autism Spectrum Disorder, (M-Mild, MoD-Moderate), SLD-Specific Learning Disability, MI-Mental Illness, Multiple Disabilities (MD) :-Disabilities included in group (A) to (D) )

આ જગ્યાઓમાં ઉપરોક્ત કેટેગરીની દિવ્યાંગ વિકલાંગ વ્યક્તિઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો/નિયમો ધ્યાને લઇ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.આઇ.લેઉવા

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ગુજરાત સરકાર.

નકલ રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.11.08
15:37:46 +05:30

File No: WCDD/DRA/e-file/23/2023/1074/B1 Branch
Approved By: Bhanuben Babariya(Minister,Minister Office,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: WCDD/0266/10/2023 Dt: 08-11-2023

- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર. (પત્ર મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાસારૂ..)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.

Signature valid

Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.11.08
15:37:46 +05:30

File No: WCDD/DRA/e-file/23/2023/1074/B1 Branch
Approved By: Bhanuben Babariya(Minister,Minister Office,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*